# ટ્રાન્સ વર્લ્ડ રેડિયો - ઈન્ડિયા

## ''વિજેતા'' પ્રાર્થના કેલેન્ડર - સપ્ટેમ્બર, ૨૦૨૩

પો.બો. નં. ૨૦૩૬, ફતેહગંજ, વડોદરા - ૩૯૦૦૦૨

(૧) વિશ્વાસુ બનો : ''ઘણા ખરા માણસો પોતપોતાનો કરેલો ઉપકાર કહી બતાવશે, પણ વિશ્વાસુ માણસ કોને મળી શકે ?'' (નીતિવચનો ૨૦:૬) આપણી પસંદગીઓ અને ટેવો આપણું ચારિત્ર નક્કી કરે છે. જેમ તમે ઈશ્વરને તમારા જીવનના દરેક ક્ષેત્રમાં રાજ કરવા દેશો તેમ તમારા જીવનસાથી અને બાળકો સલામત રહેશે અને તમારી આગેવાની પર વિશ્વાસ કરશે. ''કોઈ વ્યક્તિ વિશ્વાસુ પડોશીને જ પોતાના ઘરની ચાવી આપે છે.''

(૨) મજબૂત બનો : ''તું પાયદળોની સાથે દોડ્યો, પણ તેઓએ તને થકવ્યો, ત્યારે તું ઘોડાઓની બરાબરી કેમ કરશે, જો કે શાંત પ્રદેશમાં તું નિર્ભય છે, તો પણ યર્દનના પૂરમાં તું કેમ કરશે !'' (યર્મિયા ૧૨:૫) જ્યારે મુશ્કેલ પરિસ્થિતિઓ હોય ત્યારે સરળતાથી હાર ન માનો. ઈશ્વર પાસે હિંમત માંગો. અવરોધો સામે લડો અને બહાદુરી અને વિશ્વાસ રાખનાર પુરુષ બનો.

(૩) ક્ષમાવાન બનો : ''પણ જો તમે માણસોને તેઓના અપરાધ માફ નહિ કરો, તો તમારો બાપ તમારા અપરાધ માફ નહિ કરશે.'' (માથ્થી ૬:૧૪-૧૫) પ્રભુની સ્તુતિ કરો કે ખ્રિસ્તે આપણા માટે વધસ્તંભ પર ક્રૂર મૃત્યુ પામીને આપણા પાપમાંથી આપણને છોડાવ્યા. પિતા તમને માફ કરે અને તમને ઘરે પાછા આવકારે એવું થવા દો. કારણ કે તમે તમારી વિરુદ્ધ દોષિતોને માફ કરો છો.

(૪) નૈતિક બનો : ''વ્યભિચારથી નાસો. માણસ જે કંઈ બીજા પાપ કરે તે તેના શરીરની બહાર છે, પણ વ્યભિચારી પોતાના શરીરની વિરુદ્ધ પાપ કરે છે.'' (૧ કરિંથી ૬:૧૮-૨૦) લંપટતાને પ્રોત્સાહન આપતી સંસ્કૃતિમાં તમે સાવચેત રહો. યાદ રાખો, તમારું શરીર પવિત્ર આત્માનું મંદિર છે. તમે તમારા પોતાના નથી પણ ખ્રિસ્તના છો. ''તમારા શરીર વડે દેવને મહિમા આપો.''

(૫) ઈશ્વરની હાજરીમાં જીવવું : વ્હાલા પ્રભુ ઈસુ, મેં એવું વિચાર્યું કે ખરાબ સમયોમાં જ મને તમારી જરૂર છે, પરંતુ હવે હું જાણું કે મને દરેક ક્ષણે તમારી જરૂર છે. તદ્ઉપરાંત, જ્યારથી તમે મારામાં વસ્યા છો ત્યારથી તમે મારી પાસે છો. તમારી જાતને મારી સાથે અતૂટ બંધનમાં જોડવા બદલ તમારો આભાર. તમારી હાજરી કાયમ મારામાં રહે છે. (રોમન ૮:૯)

(૬) કૃપા : ''મને સવારે તારી કૃપા જણાવ.'' (ગી.શા. ૧૪૩:૮) ઈશ્વરની કૃપા અને વિશ્વાસુપણું દરરોજ નવા અને તાજા થાય છે. દિવસ લાંબો હોય તો પણ તે પૂરા થતા નથી. તમે દરરોજ તેમને ગણી શકો છો.

(૭) દિશા : ''જે માર્ગે મારે ચાલવું જોઈએ તે મને બતાવ, કેમ કે હું તારામાં મારું અંતઃકરણ લગાડુ છું.'' (ગી.શા. ૧૪૩:૮બ) જેમ તમે ઈશ્વર સાથે વાત કરશો તેમ ઈશ્વર તમને આગળનું પગલું શું હોવું જોઈએ તે જણાવશે. ઈસુના નામે, દેવે અગાઉથી ઠરાવ્યું તેમ તમે સારી કરણીઓ કરી શકશો. (એફેસી ૨:૧૦)

(૮) પ્રતિમા ધરાવનાર : દેવે પોતાના સ્વરૂપ પ્રમાણે માણસને ઉત્પન્ન કર્યું. દેવના સ્વરૂપ પ્રમાણે તેણે તેને ઉત્પન્ન કર્યું, તેણે તેઓને નરનારી ઉત્પન્ન કર્યાં. (ઉત્પતિ ૧:૨૭) સ્ત્રી, પુરુષ બંને ઈશ્વરની પ્રતિમા ધરાવે છે. આપણે એકબીજાને માન આપીએ છીએ અને સેવા કરીએ છીએ તેમ આપણે ઈશ્વરનો મહિમા કરીએ છીએ એ યાદ રાખવું અગત્યનું છે.

(૯) વિશેષ ભૂમિકા : ''અને એદનવાડી ખેડવાને તથા તેનું રક્ષણ કરવાને, યહોવા દેવે તે માણસને તેમાં રાખ્યો.'' (ઉત્પતિ ૨:૧૫) ઈશ્વર આપણને સ્ત્રીઓ કરતાં પુરુષોને અલગ ભૂમિકા સોંપે છે. જો આપણે પુરુષો આપણી ભૂમિકા અને સન્માનને ઓળખીએ અને તેના દ્વારા ઈશ્વરની સેવા કરીએ તો આપણે ચોક્કસપણે આશીર્વાદરૂપ છીએ.

(૧૦) આગળ વધો : ''અને હું તને આશીર્વાદ દઈશ અને તું આશીર્વાદરૂપ થશે.'' (ઉત્પતિ ૧૨:૨) ગાલીલના સમુદ્ર અને મૃત સમુદ્ર વચ્ચેનો તફાવત ઈસ્રાએલમાં જીવંત ઉદાહરણ છે. એક જ નદી બંનેને મળે છે. ગાલીલનો સમુદ્ર પાણીને વહેતું રાખે છે, એટલે જીવંત છે. જ્યારે મૃત સમુદ્ર એવું કરતો નથી. હું મારા જીવનની સરખામણી કોની સાથે કરું ?

(૧૧) સત્ય : ''ઈસુ તેને કહે છે કે, માર્ગ તથા સત્ય તથા જીવન હું છું. મારા આશ્રય વિના બાપની પાસે કોઈ આવતું નથી.'' (યોહાન ૧૪:૬) શબ્દકોશ પ્રમાણે વ્યાખ્યા આ પ્રમાણે થાય છે કે સત્ય હકીકત અને વાસ્તવિકતા સાથે અનુરૂપ હોય છે. આપણે સમજીએ એ કરતાં વિશેષ સત્યમાં હોય છે. ઈસુ ખ્રિસ્તને તેમની અનંત વાસ્તવિકતા માટે તમારું મન અને હૃદય ખોલવાની મંજુરી આપો.

(૧૨) ઉત્પન્નકર્તા : ''કેમકે તેઓએ દેવના સત્યને બદલે અસત્ય સ્વીકાર્યું, અને ઉત્પન્નકર્તા (જે સર્વકાળ સ્તુત્ય હો, આમીન) તેની ભક્તિ ન કરતાં ઉત્પન્ન કરેલાની ભક્તિ તથા ઉપાસના કરી.'' (રોમન ૧:૨૫) આદમ અને હવાએ જુઠ સ્વીકાર્યું કે તેઓ તેમના ઉત્પન્નકર્તાના જેવા થશે અને ઈશ્વરની આજ્ઞા તોડી. ઈશ્વરનું વચન જાણીને અને તેને આધીન થઈને તેનું સન્માન કરે છે તેવા પુરુષ બનવા માટે પ્રાર્થના કરો.

(૧૩) આવેગ : આવેગ એક મજબૂત અને ભાગ્યે જ નિયંત્રિત કરી શકાય તેવી લાગણી છે. લાખો વેબસાઈટ પુરુષોને ગેરકાયદેસર જાતીય ઈચ્છાઓને સ્વીકારવા માટે લલચાવે છે. ઈશ્વર પુરુષોને અધમ મનોવિકારોને સોંપી દે છે, કારણ કે તેઓ એ જાતીય અનૈતિકતાથી ભાગી જવાની તેમની ચેતવણી માની નથી. (રોમન ૧:૨૬,૨૭) સાવધાન રહો અને શુદ્ધ યોદ્ધા બનવાનું નક્કી કરો.

(૧૪) અનૈતિકતા : ''વ્યભિચારથી નાસો. માણસ જે કંઈ બીજા પાપ કરે તે તેના શરીરની બહાર છે, પણ વ્યભિચારી પોતાના શરીરની વિરુદ્ધ પાપ કરે છે.'' (એફેસી ૫:૩) તમારી જાત સાથે પ્રામાણિક બનો. શુદ્ધ બનવા માટે લડો, પરંતુ જાતીયતાને ટેવ ન બનાવો. તેના બદલે તમારા બાળકો અને અન્ય પુરુષોને યોગ્ય રીતે વ્યવહાર કરવામાં મદદ કરો.

(૧૫) જ્ઞાન : ''યહોવાનું ભય એ વિદ્યાનો આરંભ છે, મૂર્ખો જ્ઞાન તથા શિક્ષણને તુચ્છ ગણે છે.'' (નીતિવચનો ૧:૭) આત્મિક જાગૃતિ મોકલ્યા સિવાય લોકો તમારો ભય કેવી રીતે રાખી શકે ? સર્જનમાં તમારા પરાક્રમી કાર્યોને જોવા માટે અંધજનોની આંખો ખોલો અને તમારા પ્રેમ અને ઉદ્ધારની કૃપાના સાક્ષી બનવા માટે મારો ઉપયોગ કરો.

(૧૬) માફ કરાયેલા : હે ઈશ્વર, ઘણી વખત હું મારી જાતને ક્ષમા માટે લાયક ગણતો નથી. વધસ્તંભ શું છે તે મને સમજાયું છે. જ્યારે ખ્રિસ્ત મારા માટે મૃત્યુ પામ્યા, ત્યારે તમારી દયા અને કૃપા મને ઉપલબ્ધ કરવામાં આવી હતી. મારા બધા પાપોને માફ કરવા બદલ તમારો આભાર. મારો પક્ષ લેવા બદલ તમારો આભાર. તેથી હવે હું મારી જાતને માફ કરું છું. (એફેસી ૧:૭)

(૧૭) દૈવી વારસો : ''વ્હાલા ઈશ્વર, તમે મને દૈવી વારસો આપ્યો છે તે માટે તમારો આભારી છું. હું ખ્રિસ્ત સાથે સહવારસ બન્યો છું. જ્યારે મેં ખ્રિસ્તમાં વિશ્વાસ કર્યો, ત્યારે તમે મારા જીવનમાં આવ્યા અને જોડાયા. તમે મારો વારસો છો. હે પ્રભુ ઈસુ, મારે તમારામાં જે જોઈએ છે તે બધું જ છે.'' (એફેસી ૧:૧૧-૧૨)

(૧૮) વચન : હે સ્વર્ગીય પિતા, જ્યારે મેં ખ્રિસ્તમાં વિશ્વાસ કર્યો ત્યારે મને આપેલ વચન અનુસાર પવિત્ર આત્મા મોકલવા બદલ આભાર. જ્યારે ખ્રિસ્તમાં જીવનનો આત્મા મારામાં વસે છે ત્યારે મને મારા અંતિમ ઉદ્ધારની ખાતરી છે અને હું તમારામાં સુરક્ષિત છું. તમારો મહિમા હવે મારા દ્વારા પ્રગટ થઈ શકે છે. તમારા જીવન સાથે મને આશીર્વાદ આપવા બદલ તમારી સ્તુતિ હો. (એફેસી ૧:૧૩-૧૪)

(૧૯) પ્રગટીકરણ : વ્હાલા ઈશ્વર, હું તમને વિનંતી કરું છું કે તમે મને ખ્રિસ્તના જ્ઞાનમાં ડહાપણ અને પ્રગટીકરણનો આત્મા આપો. હે પવિત્ર આત્મા મને ખ્રિસ્તને પ્રગટ કરવા, હું તમારા પર વિશ્વાસ કરું છું. મને મારી ઓળખ અને ખ્રિસ્તમાં મારો આત્મિક વારસો જાણવાનું કારણ આપો. મને ખ્રિસ્તની ઓળખ આપો. જેથી હું મારા જીવનના દરેક ક્ષેત્રમાં તેમની હાજરીનો અનુભવ કરી શકું. (એફેસી ૧:૧૭)

(૨૦) જ્ઞાન : હે પવિત્ર આત્મા, મારી આંખો ખોલો કે હું તમારા વચનોમાંથી અદ્ભુત બાબતો જોઈ શકું. તમારી મહાન શક્તિ વિશે મારી સમજણને પ્રકાશિત કરો જે ખ્રિસ્તમાં મારા માટે ઉપલબ્ધ છે. તમારા રાજ્યના હેતુઓ પૂરા કરવા માટે મને શક્તિ આપો. બીજાઓને મારામાં ઈસુ ખ્રિસ્તને જોવા દો. (એફેસી ૧:૧૮-૧૯)

(૨૧) પ્રાર્થના : વ્હાલા ઈશ્વર, મેં મારી સમસ્યાઓ સુધારવા અને મારા જીવનમાં સુધારો કરવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ તે ક્યારેય શક્ય બનતું નથી. હું હવે જાણું છું કે મારી એકમાત્ર આશા તમે છો. પ્રભુ, હું તમારી બચાવની કૃપાની ભેટ માટે આભારી છું. તમારો આભાર કે તમે મારા માટે તમારું જીવન આપ્યું, જેથી તમે મને તમારું જીવન આપી શકો અને મારા દ્વારા તમારું જીવન જીવી શકો. (ગલાતી ૨:૨૦)

(૨૨) વચન : ઈસુના શિષ્યને તેની દૈનિક લડાઈઓ જીતવા માટે, તેના મન અને હૃદયમાં બાઈબલના શિક્ષણને સંગ્રહ કરવાની જરૂર છે. શત્રુ આની સામે લડશે. (માથ્થી ૧૩:૧૯) બાઈબલની કલમો મુખપાઠ કરવાની લડાઈમાં ધીરજ અને ખંત માટે પ્રાર્થના કરો અને પ્રભુ વિજય આપશે !

(૨૩) વિષયવસ્તુ : ટેલીવિઝન, ચલચિત્રો, ઈન્ટરનેટ અને અન્ય કાર્યક્રમો જ્યારે યોગ્ય રીતે પસંદ ન કરવામાં આવે તો તે માણસના હૃદયને દૂષિત કરી શકે છે અને આ રીતે તેની વાણી અને ક્રિયાઓને અસર પહોંચાડી શકે છે. વચનના પુરુષ બનવા માટે પ્રાર્થના કરો. ત્યારબાદ તમારી પાસે સંસ્કૃતિ અને સંજોગોના નકારાત્મક પ્રભાવનો સામનો કરવા માટે યોગ્ય સાધનો હશે. (માથ્થી ૭:૨૪)

(૨૪) ભાગીદારો : જ્યારે પતિ-પત્ની એકબીજાની સંગતનો આનંદ માણતા હોય ત્યારે એકસાથે ઘણી બધી બાબતોનું આયોજન કરે છે અને તેને પૂર્ણ કરે છે ત્યારે કેટલો મોટો આશીર્વાદ મળે છે. એ પ્રભુની યોજના છે. તેથી પરસ્પર વહેંચણી અને પ્રાર્થના માટે તમારા લગ્નજીવનમાંથી સમય કાઢો. ઈશ્વર તમારા લગ્નજીવનને આશીર્વાદ આપવા માંગે છે અને તમને કુટુંબ અને મિત્રો માટે આશીર્વાદરૂપ બનાવવા માંગે છે. (માથ્થી ૧૮:૧૯)

(૨૫) રક્ષણ : એક પિતા તરીકે તમે ચોક્કસપણે ઈચ્છો છો કે તમારા બાળકો સારા અને નુકસાનથી સુરક્ષિત રહે. આપણે તેમને ખરાબ સંજોગોથી બચાવવા માટે હંમેશા તેમની નજીક રહી શકતા નથી એ હકીકત છે. પ્રાર્થના કરો કે સ્વર્ગીય પિતા તેમને તેમની સંભાળમાં રાખે અને તમારા દૂતો તેમની બધી રીતે રક્ષા કરે. (માથ્થી ૧૮:૧૦)

(૨૬) પરિવર્તન : બાઈબલમાં રણની સરખામણી મુશ્કેલ અને કસોટીના સમય સાથે કરવામાં આવી છે, પરંતુ તે તેમના લોકોને તેમના પોતાના હૃદયમાં જોવાની અને ઈશ્વરીય અગ્રિમતાઓને શીખવાની તક આપવા માટે ઈશ્વર દ્વારા નિર્માણ કરેલો સમય પણ છે. ‘‘પ્રભુ જ્યારે હું મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યો છું ત્યારે હું તમારા પર આધાર રાખતાં શીખી શકુ અને તમારા વચન પર વિશ્વાસ કરું એવું થવા દો.’’ (પુનર્નિયમ ૮:૨)

(૨૭) પેઢીઓ : માતાપિતા અને બાળકો અનુભવી શકે છે ‘‘જેને પેઢીઓનો આશીર્વાદ અથવા સંઘર્ષ’’ કહેવાય છે. જ્યારે ઈશ્વરના વચનનું પાલન કરવામાં આવે છે અને પિતાનું સન્માન કરવામાં આવે છે ત્યારે સંબંધો બાળકો માટે આશીર્વાદનો સ્રોત બનશે. (નીતિવચનો ૪:૧-૪) પ્રભુ, તમારું જ્ઞાન અને બુદ્ધિ મારા બાળકો સાથેના મારા સંબંધમાં પ્રસરી શકે એવું થવા દો.

(૨૮) શક્તિ : નિયંત્રણ અને શક્તિ બે છેતરતી શક્તિઓ છે. સામાજિક ન્યાય લાવવા માટેના તમામ માનવીય પ્રયાસો સત્તા સંઘર્ષમાં સરળતાથી સમાપ્ત થાય છે. ઈશ્વરનું રાજ્ય અલગ છે અને તેમના શાસન પર આધારિત છે. તેમના આત્માને આજે તમને દોરવા દો. ‘‘પરાક્રમથી નહિ, તેમ બળથી પણ નહિ, પણ મારા આત્માથી એવું સૈન્યોનો દેવ યહોવા કહે છે.’’ (ઝખાર્યા ૪:૬)

(૨૯) વારસો : ભૌતિકવાદી સમાજ સંપત્તિ અને પૈસાના ક્ષણિક મૂલ્ય દ્વારા વારસાને માપે છે. ઈશ્વરના લોકો તેના બદલે ઈશ્વરીય ચારિત્ર અને સારા નામના કાયમી આશીર્વાદ દ્વારા વારસાને માપે છે. ‘‘સારા માણસ પોતાનાં છોકરાંના છોકરાંને માટે વારસો મૂકી જાય છે.’’ (નીતિવચનો ૧૩:૨૨) સારા પુરુષ બનવા માટે પ્રાર્થના કરો.

(૩૦) વિશ્વાસ : ‘‘તારા ખરા હૃદયથી યહોવા પર ભરોસો રાખ અને તારી પોતાની જ અક્કલ પર આધાર ન રાખ. તારા સર્વ માર્ગોમાં તેની આણ સ્વીકાર, એટલે તે તારા રસ્તાઓ પાધરા કરશે.’’ (નીતિવચનો ૩:૫,૬) વિશ્વાસ રાખો કે આપણા ઈશ્વર મહાન છે. તેમના માટે કશું જ અશક્ય નથી. તે માત્ર પ્રાર્થના જેટલા દૂર છે અને ‘‘જેઓ તેમનો ભય રાખે છે તેમની ઈચ્છા પૂર્ણ કરે છે.’’

ટ્રાન્સ વર્લ્ડ રેડિયો - ઈન્ડિયા

પો.બો. નં. ૨૦૩૬, ફતેહગંજ, વડોદરા - ૩૯૦૦૦૨

**M. No. : 9327621391**

**Free MP3 download : radio882.com, twr media app**

**FB : https://www.facebook.com/twrgujarati/**

**Youtube : youtube.com/c/twrindiagujarati**

**Gujarati Internet FM Radio TWR : http://Radio882.com/fmgujarati**

**Gujarati TV Program : Gujarat First Channel, Time : 06:30 to 07:00 (Morning) (Monday to Saturday)**